# પોલીટેક્નીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ, આ.કૃ.યુ., આણંદ દ્વારા "આર્યપુત્રી સાવધાન" કાર્યક્રમનું આયોજન

પોલીટેક્નીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમિક્સ, આણંદ કૃષિ યુનિવર્સીટી., આણંદ દ્વારા તા. ૨૧/૯/૨૦૧૯, શનિવારના રોજ ૨ થી ૫ કલાક દરમ્યાન રાષ્ટ્ર સેવિકા સમિતિ ના સહયોગરૂપે અત્રેની પોલીટેક્નીકની વિદ્યાર્થીનીઓ માટે "આર્યપુત્રી સાવધાન" વિષય ઉપર પ્રવચનનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને વક્તા તરીકે શ્રી. સત્યમ રાવ (રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ) દ્વારા આર્યપુત્રી સાવધાન વિષય ઉપર ખૂબજ સવિસ્તાર પ્રવચન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીટેક્નીક્ની વિદ્યાર્થીનીઓ અને આ.કૃ.યુ. મહિલામંડળના ૯૦ જેટલા બહેનો હાજર રહ્યા હતા.

વક્તાશ્રીએ તેમના પ્રવચન દ્વારા વિદ્યાર્થીનીઓએ પોતાના વ્યક્તિગત જીવન માટે કેવી રીતે સાવધાનીપૂર્વકના પગલાં લેવા જોઇએ, કેવા પ્રકારની પરિસ્થીતીઓ જીવનમાં આવી શકે અને તેની સામે કેવી રીતે સાવચેતી રાખવી જોઇએ તે અંગે વિગતવાર ઉદાહરણરૂપી સમજણ પૂરી પાડી હતી. વક્તાશ્રી દ્વારા વિદ્યાર્થીનીઓ દ્વારા ઉદભવેલ પ્રશ્નોનું નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્ર સેવિકા સમિતિ વિભાગ મહિલા અધ્યક્ષ શ્રીમતિ શિતલબેન જોષી, પોલીટેક્નીક કોલેજના વડા ડૉ. કે.બી.કામળિયા, એન.એસ.એસ. અધિકારી ડૉ. ગાયત્રી જાડેજા તથા સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓના સ્વસહયોગથી ખૂબ જ સફળતાપૂર્વક કરવામાં આવેલ. પોલીટેક્નીક કોલેજના ત્રીજા વર્ષના વિદ્યાર્થીની કુ. વિભુતી વારસિંગભાઇ મોરી દ્વારા મહેમાનશ્રીનો આભાર વ્યક્ત કરીને કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ.




NATIONAL SERVICE SCHEME
રાષ્ટ્ર સેવિકા સમિતિ


NATIONAL SERVICE SCHEME


NATIONAL SERVICE SCHEME
POLYTECHNIC IN FOOD SCIENCE AND HOME ECONOMICS
રાષ્ટ્ર સેવિકા સમિતિ


NATIONAL SERVICE SCHEME
POLYTECHNIC IN FOOD SCIENCE AND HOME ECONOMICS
ANAND AGRICULTURAL UNIVERSITY
રાષ્ટ્ર સેવિકા સમિતિ